**Divya Bhaskar (City Bhaskar)**

**Edition:** Vadodara | **Date:** 16th February, 2013 | **Page No.:** 04

# આ લૉક ચોરી થતાં બચાવશે




**વડોદરા.** વીસીસીઆઇ પ્રદર્શનમાં બાબરીયા ઇન્સ્ટીટ્યૂટમાં ઇલેક્ટ્રીકલ ડિપાર્ટમેન્ટના અંતિમ વર્ષમાં અભ્યાસ કરતા ચાર વિદ્યાર્થીઓ દ્વારા 'સ્માર્ટ લૉક' પ્રોજેક્ટ રજૂ કર્યો હતો. ચોરીની ઘટનાને નાથવાના પ્રયાસ માટે તૈયાર કરેલા આ પ્રોજેક્ટની ખાસિયત એ છે કે લૉક કર્યા પછી અન્ય ચાવી અથવા તો લૉકને તોડવાનો પ્રયાસ કરવામાં આવે તો માલિકના મોબાઇલ પર મેસેજ અને ફોન આવી જાય છે.

સ્માર્ટ લૉકને જી.એસ.એેમ સર્કીટ દ્વારા કનેક્ટ કરવામાં આવ્યું છે, જેથી મોબાઇલ દ્વારા સ્માર્ટ લૉકને કોડ મોકલવાથી સિસ્ટમ એક્ટિવેટ થઇ જાય છે. જેથી લૉકને ખોટી રીતે ખોલવાના પ્રયત્નો કરતા જી.એસ.એમ સિસ્ટમ માલિકના મોબાઇલને લોક તુટવાનો મેસેજ મોકલી આપે છે. હાલમાં શહેરમાં વધી રહેલા ચોરીના બનાવોથી વેપારીઓને આ લૉક ચોક્કસપણે રાહત આપશે.